# સર્વજ્ઞ શક્તિ

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ

### શ્રી મુક્તાનંદ આશ્રમમાં થયેલા આનંદમય જન્મદિવસ ૨૦૧૭ના સત્સંગોમાંથી

શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧
વાણી અગ્રવાલ

વર્ષ ૨૦૦૧માં, હું મારા પતિ ગણેશ સાથે બૉસ્ટનમાં રહેતી હતી. છ વર્ષોથી અમે સંતાન પ્રાપ્તિ માટે પ્રયત્નો કરી રહ્યાં હતાં. અમે ઘણા બધા ઇલાજ કર્યા, પણ કોઈ ફાયદો ન થયો. એ સમય અમારાં માટે ઘણો હતાશપૂર્ણ હતો અને અમે થાકી ગયાં હતાં. છેવટે અમે આ બધા પ્રયત્નો બંધ કરવાનું નક્કી કર્યું. અમે વિચાર્યું, ''જો આ થાય તો બહુ સારું, અને ન થાય તો પણ ઠીક છે.'' અર્થાત્, અમે સમર્પણ કરી દીધું.

બધા ઇલાજ છોડી દીધા, તેના ત્રણ-ચાર મહિના પછી, મેં એક સ્વપ્ન જોયું. સપનામાં હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં અનુગ્રહ બિલ્ડીંગની નીચેની લૉબીમાં ઊભી છું. મેં જોયું કે ગુરુમાઈજી ઉપરની લૉબીમાંથી મારી તરફ આવી રહ્યાં છે. ગુરુમાઈજી મારી સામે આવીને ઊભાં રહી ગયાં અને તેમણે ગહનદૃષ્ટિથી મારી સામે જોયું. પછી તેમણે મારા પેટ પર હાથ ફેરવ્યો અને કહ્યું, ''હું આને ભગવાન પાસેથી લઈને તને આપું છું.''

હું જાગી ત્યારે શ્રીગુરુમાઈના શબ્દો મારા કાનમાં ગુંજી રહ્યાં હતાં. આ સ્વપ્ન બહુ વાસ્તવિક લાગી રહ્યું હતું કારણકે જાગી ગયા પછી પણ મને સ્વપ્નની એક-એક વાત યાદ હતી.

અને ખરેખર, આ સ્વપ્નના થોડા સમય પછી, મારી દિકરી અર્પિતા મારા ગર્ભમાં હતી! ડૉકટરે આ સમાચારને સમર્થન આપ્યા પછી, ગણેશ અને હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં સેવા અર્પિત કરવા ગયા. અમે આશા કરી રહ્યાં હતાં કે અમને અમારી આ ખુશખબરી ગુરુમાઈજીને કહેવાનો અવસર મળે. અમે હજીસુધી કોઈને આના વિશે કહ્યું નહોતું.

આશ્રમમાં પહોંચીને જ્યારે અમે અનુગ્રહ બિલ્ડીંગની નીચેની લૉબીમાં પ્રવેશ કરી રહ્યાં હતાં, ત્યારે ત્યાં અમે શ્રીગુરુમાઈને જોયાં! જેવું મેં મારા સ્વપ્નમાં જોયું હતું, એ રીતે જ ગુરુમાઈજી ઉપરની લૉબીમાંથી અમારી તરફ આવી રહ્યાં હતાં. ગુરુમાઈજી બરાબર મારી સામે આવીને ઊભાં રહી ગયાં, અને હું કંઈ કહું તે પહેલાં તેમણે મારા પેટ પર હાથ ફેરવ્યો અને કહ્યું, ''શું આમાં કંઈક છે?''

જ્યારે મેં માથું હલાવીને હા કહી, ત્યારે ગુરુમાઈજી હસવાં લાગ્યાં અને આગળ જતાં રહ્યાં.

તેના કેટલાંક અઠવાડિયા પછી, હું પાછી આશ્રમમાં ગઈ. આ દરમ્યાન મને ફરીથી ગુરુમાઈજીનાં દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

દર્શનના સમયે મારી સાથે ગુરુમાઈજીએ મારી ગર્ભાવસ્થા વિશે વાત કરી; પછી અન્ય વિષયો પર વાતચીત થઈ. દર્શનનો સમય સમાપ્ત થયો ત્યારે જતાંજતાં ગુરુમાઈજી મારી તરફ ફર્યાં અને મને કહ્યું, "तुम रोज़ श्रीगुरुगीता और श्रीरुद्रम का पाठ करना, बच्चे को उनसे लाभ मिलेगा।" ''તું રોજ શ્રીગુરુગીતા અને શ્રીરુદ્રમનો પાઠ કરજે, બાળકને તેનાથી લાભ થશે.''

આ માર્ગદર્શન મળવાથી હું ખૂબ ખુશ અને કૃતજ્ઞ હતી.

તે દિવસથી મારી પૂરી સગર્ભાવસ્થા દરમ્યાન, હું દરરોજ શ્રીગુરુગીતા અને શ્રીરુદ્રમનો પાઠ કરતી હતી.

મારી પ્રસુતિનો સમય નજીક આવ્યો, ત્યારે મારી તબિયત થોડી બગડી ગઈ. મારા પતિ મને હોસ્પિટલ લઈ ગયા. તે બીજી જૂનની સાંજ હતી. મારા ડૉક્ટરે મને તપાસીને કહ્યું કે મને ઇન્ફેક્શન છે અને તાવ પણ છે. તેમણે મને ઍન્ટિબાયોટિકનું ઇન્જેક્શન આપ્યું અને અર્પિતાના હૃદયના ધબકારાઓનું નિરીક્ષણ કરવા માટે મને એક મશીન સાથે જોડી દીધી. અર્પિતાના ધબકારા ઘણા ઝડપથી ચાલી રહ્યા હતા. ડૉક્ટર ઘણા ચિંતિત હતા કારણકે એનો અર્થ એ હતો કે બાળક જોખમમાં છે.

ડૉક્ટરે કહ્યું કે તેમને આશા છે કે જેવી એન્ટિબાયોટિક દવાની અસર થવા લાગશે કે બાળકને પણ સારું થતું જશે.

તેમ છતાં થોડા કલાકો પછી પણ અર્પિતાના ધબકારા ઝડપી જ હતા. એ સમયે ડૉક્ટરે નિર્ણય લીધો કે તેઓ સિઝેરિઅન કરશે કારણકે બાળકના જીવને જોખમ થઈ શકે તેમ હતું.

ડૉક્ટરે કહ્યું કે તેઓ મને ૨૦ મિનિટમાં ઓપરેશન માટે તૈયાર કરશે. હું અને મારા પતિ, બંને ખૂબ ચિંતામાં હતાં. ડોક્ટરો ઓપરેશનની તૈયારી કરી રહ્યા હતા ત્યારે તેમની રાહ જોતી વખતે અમે શ્રીગુરુગીતા અને શ્રીરુદ્રમ બંનેની સી.ડી. સાથેસાથે વગાડવાનું નક્કી કર્યું. જેવા મંત્રો શરૂ થયા અર્પિતાના ધબકારાની ગતિ ધીમી પડવા લાગી. અમે આશ્ચર્યચકિત થઈ ગયા, કારણકે વીસ જ મિનિટની અંદર તેના હૃદયના ધબકારા સામાન્ય સ્થિતિમાં આવી ગયા. આ જોઈને ડૉક્ટરો પણ આશ્ચર્યચકિત હતા.

બીજે દિવસે સવારે મેં કુદરતી રીતે અર્પિતાને જન્મ આપ્યો.

ગુરુમાઈજીએ ગણેશ અને મને ભગવાનની આ અમૂલ્ય ભેટ આપી હતી. અને ગુરુમાઈજીએ એ ભેટ મારા જીવનમાં આવે તે માટે એક આદેશ આપ્યો હતો, તે આદેશનું પાલન કરવાથી એવું જ થયું.

ગુરુમાઈજી આપનો ખૂબ ખૂબ આભાર. અમે હૃદયપૂર્વક આપનો આભાર માનીએ છીએ.

શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨
ક્ષમા ફેરાર

વર્ષ ૧૯૯૧ની વસંતઋતુમાં શ્રીગુરુમાઈ ઑસ્ટ્રેલિયામાં ટીચિંગ વિઝિટ્સની યાત્રા પર હતાં. એ સમયે હું શ્રી મુક્તાનંદ આશ્રમથી ગુરુમાઈજીની યાત્રા માટે એક લેખક અને સંપાદકરૂપે સેવા અર્પિત કરી રહી હતી. એક દિવસ એક સેવાકર્તાએ મને ઑસ્ટ્રેલિયાથી એક સેવાકાર્ય માટે ફોન કર્યો જે મારે જલ્દીથી પૂરું કરવાનું હતું. મેં તરત જ તે સેવા શરૂ કરી દીધી, અને જેવી તે સેવા પૂરી થઈ કે તરત જ તેને ઑસ્ટ્રેલિયા મોકલી દીધી. તેના થોડા સમય પછી હું ભગવાન નિત્યાનંદના મંદિરમાં ધ્યાન કરવા માટે ગઈ.

હું બડે બાબા સાથે મંદિરમાં એકલી જ બેઠી હતી ત્યારે અચાનક મને એક દૃષ્ટાંત થયું જેમાં હું મારી સુષુમ્ણા નાડીનો સ્વર્ણિમ સ્તંભ જોઈ શકતી હતી. મને અનુભવ થયો કે કુંડલિની શક્તિનો તેજોમય પ્રકાશ મધ્યનાડીમાં એક નવા સ્તર ઉપર ઊઠી ચૂક્યો છે અને મારા હૃદય ક્ષેત્રની થોડી ઉપર પહોંચી ગયો છે. મને એવું લાગ્યું કે સમય જતાં એ પ્રકાશ આ સ્તરથી ઉપર ઊઠવાનું ચાલુ રાખશે. આ દૃષ્ટાંતની સાથેસાથે મને એક આશ્ચર્યજનક અંતરધ્વનિ પણ સંભળાયો જેનો અવાજ પ્રવેશદ્વારની કડી ખુલી રહી હોય એવો હતો.

આ પ્રકાશ જોઈને, આ ધ્વનિ સાંભળીને, મને એવું લાગ્યું કે અચાનક કોઈએ મને ગાઢ નિદ્રામાંથી જગાડી દીધી હોય. મને યાદ છે ત્યારે મેં વિચાર્યું હતું : ‘‘મને હમણાં જ એક સ્વપ્નમાંથી જગાડી દીધી છે! એક ‘ખરાબ’ સ્વપ્નમાંથી.’’ અને પછી મેં વિચાર્યું : ‘‘હું મારા જીવનના સ્વપ્નમાંથી જાગી ગઈ છું.’’

એવું નથી કે મારું જીવન તે સમયે ખરેખર ખરાબ હતું — પરંતુ તે ક્ષણે મને સમજાયું કે મારી ચેતનાને થોડા અંધકારની ટેવ પડી ગઈ હતી. હું એવી ઘણી નકારાત્મકતાઓ અને સંશય સાથે જીવી રહી હતી, જેના વિશે મેં આત્મનિરીક્ષણ નહોતું કર્યું. હવે મેં જોયું કે મારા ચિતિનો પ્રકાશ એવા સ્થાનમાં પહોંચી ગયો છે જ્યાં વધુ પ્રકાશ છે, વધુ સકારત્મકતા અને વિશ્વાસ છે.

હું ગુરુમાઈજી પ્રત્યે કૃતજ્ઞતાથી ભરાઈ ગઈ, કે મને સિદ્ધયોગ પથની કૃપા અને શિખામણો પ્રાપ્ત છે અને ગુરુમાઈજીએ મને અંધકારમાંથી બહાર નીકળીને પ્રકાશમાં આવવા માટે માર્ગદર્શન આપ્યું છે. મેં અનુભવ્યું કે આ ક્ષણ મારા ભાગ્યની સૌથી મહત્ત્વપૂર્ણ ક્ષણ છે.

બીજે દિવસે વહેલી સવારે, ઑસ્ટ્રેલિયાની એ સેવાકર્તાએ મને ફરીથી ફોન કર્યો. તેણે કહ્યું, ‘‘ગુરુમાઈજી તમારા સેવાકાર્યથી ઘણાં ખુશ હતાં. અને તેમણે મને, તમને આ જણાવવા માટે કહ્યું છે :

‘‘જ્યારે હું આ સેવાકાર્યને ગુરુમાઈજી પાસે લઈને ગઈ, તેમણે મને ત્યારે જ તમને ફોન કરીને તમારી સેવા માટે ધન્યવાદ આપવા કહ્યું. પરંતુ જ્યારે હું મારી ઑફિસમાં પાછી ફરી ત્યારે મને ખ્યાલ આવ્યો કે ત્યાં શ્રી મુક્તાનંદ આશ્રમમાં અત્યારે અડધી રાત હશે, અને હું તમને ઊંઘમાં ખલેલ પહોંચાડવા નહોતી માંગતી.

‘‘એ દિવસે પછી જ્યારે હું ગુરુમાઈજીને ફરી મળી, તો તેમણે મને સૌથી પહેલાં પૂછયું, ‘શું તેં ક્ષમાને ફોન કરીને કહ્યું?’ મેં કહ્યું, ‘ગુરુમાઈજી, હજીસુધી નથી કહ્યું, કારણકે તે સમયે ત્યાં અડધી રાત હતી.’ ગુરુમાઈજીએ કહ્યું : ‘પરંતુ હું ઇચ્છતી હતી કે તું તે જ સમયે ક્ષમાને ફોન કરે. તેણે ફોનનો ઉત્તર ખુશીથી આપ્યો હોત. કોને ખબર, તે કદાચ કોઈ ખરાબ સ્વપ્ન જોઈ રહી હોય અને શ્રીગુરુના ફોનથી જાગીને તેને ઘણી ખુશી થઈ હોત. અડધી રાતે મારો સંદેશ સાંભળીને તેને ઘણી ખુશી થાત.’ ’’

આજે પણ હું આશ્ચર્યચકિત થઈ જાઉં છું જ્યારે હું શ્રીગુરુ સાથે ઐક્યની એ આનંદમય ક્ષણને યાદ કરું છું. શ્રીગુરુમાઈની અંતઃપ્રજ્ઞા, તેમનો સંકલ્પ, તેમના ઉત્તર, આ બધા પરમ ચેતનાના સ્પંદનોથી ભિન્ન નથી. બીજી કઈ રીતે સમજાવી શકાય કે હજારો, લાખો પ્રસંગોમાં, એ વાત જે માત્ર મન અને ઇન્દ્રિયો દ્વારા જાણી શકાતી નથી તેને ગુરુમાઈજી કેવી રીતે જાણી લે છે અને તેના ઉત્તર આપે છે!

અને ગુરુમાઈજી, તમારી વાત એકદમ સાચી છે : તમારો ફોન આવવાથી મને હંમેશાં ખુશી થશે; કોઈપણ સમયે, કોઈપણ જગ્યાએ.

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૩
## બર્નાડિટ મર્ફી

જે વાર્તા હું કહેવા જઈ રહી છું તે વર્ષ ૧૯૯૫ના ફેબ્રુઆરી મહિનાની એક કડકડતી ઠંડી રાતની છે. મને એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનમાં એક સ્ટાફ સદસ્યારૂપે સેવા અર્પિત કરતા સાત વર્ષ થઈ ગયા હતા. હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં મારા રૂમમાં હતી. વધતી કળાનો ચંદ્રમા આકાશમાં ઉદિત થઈ ગયો હતો અને બહાર સૂસવાટા મારતો પવન જોરથી ફૂંકાઈ રહ્યો હતો.

મારા મનમાં કંઈક ચાલી રહ્યું હતું જેના માટે હું શ્રીગુરુમાઈ પાસેથી માર્ગદર્શન મેળવવા માંગતી હતી, પરંતુ મને યોગ્ય શબ્દો નહોતા મળી રહ્યા. મને હંમેશાં જર્નલ લખવાનો ઘણો શોખ હતો, તેથી હું મારી પથારી પાસે નીચે જમીન પર બેસીને ગુરુમાઈજીને એક પત્ર લખવા લાગી; આ જર્નલ ગુરુમાઈજીએ થોડા મહિના પહેલાં આપી હતી.

લખતાંલખતાં મને ખૂબ પ્રબળતાથી ગુરુમાઈજીની ઉપસ્થિતિની અનુભૂતિ થવા લાગી. મને લાગ્યું કે કૃપા મને સ્પષ્ટતાની અવસ્થા તરફ ખેંચી રહી છે. મારા વિચારો શાંત થઈ ગયા અને જ્યારે મારી પેનમાંથી અંતિમ શબ્દો વહી નીકળ્યા, મારા હૃદયમાં પ્રશાંતિ અને દઢતાનો ભાવ ઊઠવા લાગ્યો.

મેં લખવાનું પૂરું કર્યું ત્યાંસુધીમાં, ગુરુમાઈજી સાથેના મારા જોડાણને હું એટલા ગહનતાથી અને સ્પષ્ટરૂપે અનુભવી રહી હતી, જાણે કે તેઓ અહીં મારા રૂમમાં ઉપસ્થિત હોય. મને તેમનાં દર્શન કરવાની તીવ્ર લલકનો અનુભવ થવા લાગ્યો, ફક્ત ધન્યવાદ કહેવા માટે.

એક વિચાર ઊઠ્યો : ગુરુમાઈજી મારા રૂમ તરફ જ આવી રહ્યાં છે. મને એવું લાગ્યું; તેઓ આવતાં જ હશે! પછી મારું તાર્કિક મન વચ્ચે આવી ગયું. મંગળવારની રાતના ૮.૦૦ વાગ્યા છે. તું સ્વપ્ન જોઈ રહી છે. ગુરુમાઈજી હજીસુધી ક્યારેય તારા રૂમમાં આવ્યાં નથી, અને આજે આ સમયે એવું કરવાનું કોઈ ખાસ કારણ પણ નથી.

પરંતુ ગુરુમાઈજીની ઉપસ્થિતિ બહુ જ પ્રબળ હતી, મારે તો બસ દરવાજાની બહાર ડોકિયું કરવું હતું. એક વાર ઝડપથી નજર ફેરવી લઉં : એમાં શું વાંધો છે? તેથી હું દરવાજા પાસે ગઈ અને ખૂબ જ ધીમેથી તેને ખોલ્યો.

ગુરુમાઈજી મારા રૂમની બહાર હતાં એટલું જ નહીં, તેઓ મારા દરવાજાની સામે જ હતાં અને દરવાજો ખોલવા માટે તેમનો હાથ દરવાજાના હેન્ડલ પર હતો!

અત્યંત આશ્ચર્ય અને હર્ષ સાથે મેં કહ્યું, ‘‘શુભ સંધ્યા, ગુરુમાઈજી!’’

ગુરુમાઈજીએ પૂછ્યું, ‘‘તને કેવી રીતે ખબર પડી? શું તને ખબર પડી ગઈ હતી કે હું અહીં છું?

મેં કહ્યું, ‘‘હા, ગુરુમાઈજી! મને તમારી ઉપસ્થિતિની અનુભૂતિ ઘણી પ્રબળતાથી થઈ રહી હતી.’’

ગુરુમાઈજી મારા રૂમમાં આવ્યાં અને મારી પૂજાની બાજુમાં ઊભાં રહ્યાં અને બારીની બહાર ચંદ્રને જોવાં લાગ્યાં. તેમણે કહ્યું, ‘‘અહીં સારું દેખાય છે. અહીં સારું લાગે છે’’

મેં ગુરુમાઈજીનો આભાર માન્યો અને કહ્યું, ‘‘હું હમણાં જ મારી જર્નલમાં આપને પત્ર લખી રહી હતી અને મારા મનની શાંતિ માટે અને હું જે સ્પષ્ટતાનો અનુભવ કરી રહી છું તેના માટે આપને ધન્યવાદ આપવા માંગતી હતી.’’

આંખોમાં ચમક સાથે ગુરુમાઈજીએ કહ્યું, ‘‘સરસ!’’ અને તેઓ બહાર જવા માટે ફરી ગયાં. મને યાદ છે કે જ્યારે અમે એકબીજાંને શુભરાત્રિ કહીને છૂટાં પડ્યાં ત્યારે હું પૂર્ણતઃ શાંતિ, કૃતજ્ઞતા અને સ્તબ્ધતાનો અનુભવ કરી રહી હતી.

વીસ વર્ષ થઈ ગયા છે અને હું આજે પણ તે ઉપહારની અનુભૂતિ કરી શકું છું જે ગુરુમાઈજીએ મને તે રાત્રે આપ્યો હતો : આ જ્ઞાન અને અનુભવ કે શ્રીગુરુ અને શિષ્ય હૃદયસ્થાનમાં સદૈવ એક જ છે.

## શ્રીગુરુમાઈ સાથેનો પ્રસંગ : ૪
## સ્વામી ઇન્દિરાનંદ

વર્ષ ૧૯૮૫માં હું ઓકલેન્ડમાં, સિદ્ધયોગ આશ્રમમાં ગઈ હતી. હું ત્યાં પહેલીવાર જ ગઈ હતી અને હું સત્સંગોમાં અને કોર્સમાં વક્તાની સેવા અર્પિત કરી રહી હતી.

ઓકલેન્ડમાં થોડો સમય રહ્યાં પછી, એક દિવસ મને ગુરુમાઈજીના સાન્નિધ્યમાં રહેવાની ગહન લલક મહેસૂસ થવા લાગી. ગુરુમાઈજી તે સમયે ન્યૂયોર્ક શહેરમાં હતાં, જ્યાં સત્સંગ અને શક્તિપાત ધ્યાનશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મને યાદ છે હું વિચારી રહી હતી, ‘‘શું તેમને ખબર હશે કે હું અહીં છું?’’ મારું હૃદય ઉદાસ થવા

લાગ્યું. મને યાદ છે, હું ગુરુમાઈજીને આતુરતાપૂર્વક પ્રાર્થના કરવા લાગી, ‘‘ગુરુમાઈજી, કૃપા કરીને મને જણાવો કે તમને ખબર છે કે હું અહીં છું. મને જણાવો કે તમે મારી સાથે છો.’’

જેવી મેં પ્રાર્થના કરી, મને ખુશીનો અનુભવ થવા લાગ્યો. આ પ્રફુલ્લતાનો ભાવ મારી અંદર જ રહ્યો જ્યારે મેં મારા રૂમની સફાઈ શરૂ કરી. અને પછી જ્યારે હું કચરો કાઢી રહી હતી ત્યારે ફોનની ઘંટડી વાગી. જ્યારે મેં ફોન ઉપાડ્યો ત્યારે સ્વીચબોર્ડની સેવાકર્તા ખુશીથી બોલી રહી હતી.

આખરે મને સમજાયું કે તે શું કહી રહી હતી. તે કંઈક આવું હતું, ‘‘ગુરુમાઈજી ફોન પર છે અને તમારી સાથે વાત કરવા માંગે છે. શું તમે તેમની સાથે વાત કરશો?’’

સહેજ પણ અચકાયા વિના મેં કહ્યું, ‘‘હાં, હાં! જરૂર!’’

ફોનની એક ક્લિકનો અવાજ આવ્યો અને પછી મેં એક ગહન, મખમલી, પ્રેમભર્યો અવાજ સાંભળ્યો, ‘‘ઇન્દિરાનંદ, તમે કેમ છો?’’

‘‘હું મજામાં છું, ગુરુમાઈજી!’’ મેં ઊંચા સ્વરમાં અને ઉત્સાહથી કહ્યું. અને પછી હું જરા થોભી, મારા અવાજને થોડો ધીમો પાડીને મેં કહ્યું, ‘‘મઝામાં, ગુરુમાઈજી! હું ખૂબ મઝામાં છું! હું એકદમ મસ્ત છું!’’

પછી અમે સામાન્ય વાતચીત કરી. ગુરુમાઈજીએ ઓકલેન્ડના આશ્રમ વિશે પૂછ્યું, અને તેમણે ન્યૂયોર્ક શહેરમાં ચાલી રહેલા સત્સંગ વિશે જણાવ્યું.

અંતે, ગુરુમાઈજીએ કહ્યું કે તેમણે જલ્દી ફોન મૂકી દેવો પડશે કારણકે તેઓ ગાડીમાં ક્યાંક જઈ રહ્યાં છે અને હવે લગભગ પહોંચવા આવ્યા છે.

અમે વિદાય લીધી અને જેવો ફોન પૂરો થવાની તૈયારીમાં હતો કે ગુરુમાઈજીએ ખૂબ જ મસ્તીભર્યા સ્વરમાં કહ્યું, ‘‘તમે મને વારંવાર ફોન કેમ નથી કરતાં?’’

અને પછી મને ફોન મૂકવાનો ક્લિક અવાજ સંભળાયો.

આખી બપોર હું વિચાર કરતી રહી કે ગુરુમાઈજીનો મને ‘વારંવાર ફોન કરવા’ હકેવાનો શું અર્થ હશે? હું મૂંઝવણમાં પડી ગઈ કારણકે ફોન મેં નહોતો કર્યો — ગુરુમાઈજીએ કર્યો હતો!

અને સાંજે મને આ વાત સમજાઈ જ્યારે મેં આ અનુભવ સત્સંગમાં કહ્યો અને આખો હૉલ આશ્ચર્યચકિત થઈ ગયો. ત્યારે મને ખરેખર સમજાયું કે ગુરુમાઈજીનો કહેવાનો શું અર્થ હતો.

અને હું એક અમૂલ્ય પાઠ શીખી જેણે મારી સંપૂર્ણ સાધનામાં મને આધાર આપ્યો :

ગુરુમાઈજી હંમેશાં આપણી સાથે છે. જ્યારે પણ આપણે તેમને હૃદયપૂર્વક યાદ કરીએ છીએ, ત્યારે ગુરુમાઈજીને ખબર હોય છે.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.